ભાષાકીય લઘુમતીઓને પ્રમાણપત્ર આપવાની
પ્રક્રિયામાં સરળીકરણ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવક્રમાંક:લઘસ/૧૦૨૦૧૧/૧૦૮૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૧૧/૧૯૭૯નો ઠરાવક્રમાંક: એમએનસી-૧૦૭૯-ક-૩૧-લઉસ

(૨) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૬/૦૩/૧૯૮૦નો ઠરાવક્રમાંક: એમએનસી-૧૦૭૯-૭૫૮૬-લઉસ

(૩) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૬/૦૧/૧૯૮૧નો ઠરાવક્રમાંક: એમએનસી-૧૦૮૦-૮૬૩૩૭-લઘુમતી સેલ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૭/૨૦૧૨નો ઠરાવક્રમાંક: લઘસ-૧૦૨૦૧૧-૧૦૮૬-અ.૧

## આ મુ ખ :

સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક:- (૧) પરના ઠરાવથી લઘુમતી બોર્ડની રચના કરી ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ નિર્ધારિત કરેલ છે જે અન્વયે ધાર્મિક લઘુમતીઓમાં મુસલમાન, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ અને પારસી ધર્મના સમુદાયનો સમાવેશ થાય છે અને ભાષાકીય લઘુમતીઓમાં ઉર્દુ, સિંધી અને મરાઠી ભાષા બોલતા સમુદાયનો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક:-(૨) પરના તા.૦૬/૩/૧૯૮૦ના ઠરાવથી આ બંને લઘુમતીઓનો આર્થિક ઉત્કર્ષ/ સબંધિત યોજનાના લાભ માટે ધાર્મિક અને ભાષાકીય પ્રમાણપત્રનો નમૂનો તથા આ પ્રમાણપત્ર આપવાની સત્તા ધરાવતા સક્ષમ સત્તાધિકારીઓ નિયત કરેલ છે. સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક:-(૩) પરના તા.૦૬/૧/૧૯૮૧ના ઠરાવથી આ પ્રમાણપત્ર આપવાની સત્તા ધરાવતા સક્ષમ સત્તાધિકારીઓમાં વધારો કરવામાં આવેલ છે. ત્યારબાદ સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમાંક:-(૪) પરના તા.૨૪/૭/૨૦૧૨ના ઠરાવથી લઘુમતીના નિયત પ્રમાણપત્રમાં ફેરફાર, સક્ષમ

સત્તાધિકારીઓની નવેસરથી નિયુક્તિ તેમજ લઘુમતી પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયામાં સરળીકરણ કરવામાં આવેલ છે પરંતુ આ ઠરાવમાં સામેલ લઘુમતીનું પ્રમાણપત્ર મેળવવા અંગેના અરજી ફોર્મ અને લઘુમતીના પ્રમાણપત્રના નમૂનામાં માત્ર ધાર્મિક લઘુમતીનો જ ઉલ્લેખ હોઇ ભાષાકીય લઘુમતીઓનો એટલે કે ઉર્દૂ, સિંધી અને મરાઠી બોલતા સમુદાયો અંગે કોઇ ઉલ્લેખ ન હોઇ ભાષાકીય લઘુમતીઓ દ્વારા લઘુમતી અંગેનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા વારંવાર રજુઆતો મળતી હતી. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

## ઠ રા વ :-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ભાષાકીય લઘુમતી અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે નીચે મુજબની સર્વગ્રાહી સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

૧. ભાષાકીય લઘુમતી પ્રમાણપત્ર મેળવવા માટે આ સમુદાયના અરજદારો/ ઉમેદવારો/ વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે નીચે મુજબના અધિકારીઓને સક્ષમ સત્તાધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે.

(૧) મામલતદારશ્રી
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી
(૩) જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
(૪) મ્યુનિસિપાલિટી વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારી

૨. ઉપર મુજબના ચાર સક્ષમ અધિકારીઓ પૈકી સરળતા ખાતર સંબંધિત ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારી, સંબંધિત તાલુકાના વડા મથકના વિસ્તાર(Head Quarter) પૂરતું મામલતદાર અને સંબંધિત જિલ્લા વડા મથક માટે નાયબ નિયામકશ્રી(વિ.જા.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) એ ભાષાકીય લઘુમતીઓ માટે પ્રમાણપત્રો આપવાના રહેશે. અપવાદરૂપ કિસ્સાઓમાં જ્યાં તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર કે મુખ્ય કારોબારી અધિકારીએ લઘુમતીના પ્રમાણપત્રો ન આપ્યા હોય ત્યાં સમગ્ર જિલ્લા પૂરતી નાયબ નિયામકશ્રી(વિ.જા)/ સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) ને સત્તા રહેશે. અરજદારે આવક અંગેના દાખલા લઘુમતી કલ્યાણની યોજનાઓની

શરતોને ધ્યાને લઈ ફક્ત આવકના દાખલા આપતાં સક્ષમ સત્તાધિકારી પાસેથી અલગથી મેળવીને રજૂ કરવાના રહેશે.

૩. સામાન્ય રીતે પ્રાથમિક શાળા/માધ્યમિક શાળા/મહેસુલી રેકર્ડ કે અન્ય આધારભૂત કહી શકાય તેવા રેકર્ડના આધારે ભાષાકીય લઘુમતીના પ્રમાણપત્રો આપી શકાશે. સામાન્ય રીતે શાળાના રેકર્ડમાં જાતિ અને ધર્મનો ઉલ્લેખ હોવાથી ધાર્મિક લઘુમતી કે જાતિનું પ્રમાણપત્ર આપવું સરળ છે પરંતુ સિંધી, ઉર્દુ કે મરાઠી ભાષી તરીકે ભાષાકીય લઘુમતી હોવાનો ઉલ્લેખ શાળા રેકર્ડમાં હોતો નથી. તે સંજોગોમાં સંબંધિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય પાસેથી અલગથી પ્રમાણપત્ર મેળવીને અથવા રજીસ્ટર્ડ નોંધાયેલી સિંધી ભાષી, મરાઠી ભાષી કે ઉર્દુ ભાષી વિશ્વસનીય સમાજ સંસ્થાઓના પ્રમાણપત્રોના આધારે પણ ભાષાકીય લઘુમતીનું પ્રમાણપત્ર આપી શકાશે. આધારભૂત અને સ્વીકાર્ય બને તેવા પુરાવાથી સક્ષમ અધિકારીને સંતોષ થાય તે રીતે આવું પ્રમાણપત્ર આપી શકાશે.

૪. હાલ જ્યાં જનસેવા કેન્દ્રો દ્વારા આવા પ્રમાણપત્રો આપવામાં આવે છે, ત્યાં નક્કી કરેલ ફી અરજદારોએ જનસેવા કેન્દ્રોને આપવાની રહેશે.

૫. ભાષાકીય લઘુમતી અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે પરિશિષ્ટ-૧ મુજબ અરજી કરવાની રહેશે. સક્ષમ સત્તાધિકારીએ લઘુમતી પ્રમાણપત્ર પરિશિષ્ટ-૨ મુજબ આપવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- કમિશ્નરશ્રી/નિયામકશ્રી, મ્યુનિસિપાલિટી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ તાબાની કચેરીઓને પરીપત્રિત કરવા વિનંતી સહ.
- નાયબ સચિવશ્રી(ATVT), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(NIC સોફ્ટવેરમાં જરૂરી સુધારો કરવાની વિનંતી સાથે)
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ તાબાની કચેરીઓને પરીપત્રિત કરવા વિનંતી સહ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી(વિ.જા.ક.), ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એમ.ડી., ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ

પરિશિષ્ટ ૧

ગુજરાત રાજ્ય

ભાષાકીય લઘુમતીનું પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજીફોર્મ

ફોટો

સરકારશ્રીએ જાહેર કરેલ ભાષાકીય લઘુમતિઓ પૈકી................માં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકાર હેઠળની લઘુમતી કલ્યાણ યોજના હેઠળ જાહેર કરેલ મળવાપાત્ર સહાય/લાભ મેળવવા માટે ભાષાકીય લઘુમતી પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું નામ/સરનામું, ટેલિફોન (કોડનંબર સાથે)/ મોબાઇલ નંબર | | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પુરુ નામ | | |
| ૩ | અરજદારની માતાનું નામ | | |
| ૪ | અરજદારનો ધર્મ, જાતિ અને માતૃભાષા | | |
| ૫ | અરજદારનું વતન: ગામ.............. તાલુકો......... જિલ્લો............ રાજ્ય........ | | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ અને મૂળ વતન:<br>ગામ................તાલુકો...............જિલ્લો..........<br>રાજ્ય.......... | | |
| ૭ | બહારના રાજ્યના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ કરે છે) | | |
| ૮ | પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | | |
| ૯ | ભાષાકીય લઘુમતી પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | | |

# <u>બાંહેધરી</u>

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાતરી આપુ છું. જે ધ્યાને લઇ મને ભાષાકીય લઘુમતીનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે. અમોએ મેળવેલ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મને મળેલા લાભો કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર / વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ..................................

તારીખ................................

અરજદારની પૂરી સહી:-

નામ..........................................

પિતા/માતા/વાલીની/સહી:-

નામ..........................................

<u>ભાષાકીય લઘુમતી પ્રમાણપત્ર મેળવવા માટે રજૂ કરવાના થતા પુરાવા :-</u>

૧. અરજદારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો ભાષાકીય લઘુમતી પુરવાર થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

૨. અરજદાર ભાષાકીય લઘુમતી પૈકીના પુરવાર થતા હોય તેવા અન્ય આધારો.

૩. <u>રહેઠાણના પુરાવા</u>:- રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બિલ, ટેલિફોન બિલ, રેશનકાર્ડ, ઘરવેરા બિલ, ચૂંટણી ઓળખકાર્ડ, આધાર કાર્ડ વગેરે આધારભૂત પૂરાવા પૈકી કોઇપણ એકની નકલ

## <u>ફકત કચેરીના ઉપયોગ સારૂ</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું નામ | | |
| ૨ | ધર્મ, જાતિ અને માતૃભાષા | | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર/તારીખ | | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | | |

તૈયાર કરનાર કર્મચારીનું પુરુ નામ/પુરી સહી

સક્ષમ અધિકારીનું પુરુ નામ અને હોદ્દો
અધિકારીની સહી અને સિકકો

પરિશિષ્ટ-૨ (ગુજરાતી નમૂનો)

सत्यमेव जयते

ગુજરાત સરકાર

ફોટો

## ભાષાકીય લઘુમતીનું પ્રમાણપત્ર

પ્રમાણપત્ર ક્રમાંક:-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી .............................. શ્રી................................... ના પુત્ર / પુત્રી છે. તેઓ ગામ/ નગર..................... તાલુકો........................ જિલ્લો........................ના રહેવાસી છે. તેઓ ........................... ધર્મ પાળે છે અને તેઓની માતૃભાષા ..................છે. ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૪/૧૧/૧૯૭૯ ના ઠરાવ ક્રમાંક: એમ.એન.સી.-૧૦૭૯-ફ-૩૧-લઉસ અન્વયે તેમને ગુજરાતમાં ભાષાકીય લઘુમતી તરીકે જાહેર કરેલ છે.

સ્થળ: સહી:

તારીખ: નામ:

કચેરીનું સીલ: હોદ્દો:

(કચેરીની સિક્કા સહિત)

રજુ કરેલ આધારોની વિગત:

(૧)

(૨)

પરિશિષ્ટ-૨ (અંગ્રેજી નમૂનો)

Photo

**Government of Gujarat**

## Certificate of Linguistic Minority

**Certificate no:-**

This is to certify that Mr/Mrs./Miss ........................ Son/Daughter of Mr./Mrs/Miss ........................... is the resident of Village/Town: ................. of Tehsil: .................... of District: .................. of Gujarat State. He/She follows ................ Religion. His/Her mother tongue is ...................... He/She is notified as a Linguistic Minority in Gujarat State vide Government Resolution No. MNC-1079-F-31-LUS, dated 14/11/1979 of Labour Social Welfare and Tribal Development Department.

Place:
Date:
Office Round Seal:

Signature:
Name:
Designation:
(with office stamp)

List of documents produced as a proof:
(1)
(2)